રોજકામ

તા.૦૩/૦૫/૨૦૨૬

નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ, મડાણા-ગઢમાં તા. પાલનપુર, જિ. બનાસકાંઠામાં હિસાબનીશની ભરતી કરવા માટે નાયબ નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગુ.રા. ગાંધીનગરના તા.૨૬/૧૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક- ગ્રા.વિ./NOC/૨૪-૨૫/૭૮૫-૮૭ વાળા પત્રથી NOC મળેલ. જેનાં સંદર્ભમાં તા.૧૯/૪/૨૦૨૬ ના રોજ લેખિત પરીક્ષા યોજાવામાં આવેલ.

આ લેખિત પરીક્ષાની www.nootanbharati.com વેબસાઈટ ઉપર મૂકેલ કામચલાઉ આન્સર કી સદર આવેલ વાંધા રજૂઆતને ધ્યાને લઈ તજજ્ઞશ્રી પ્રો. ડૉ. અનિલભાઈ પરમાર પ્રોફેસર આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ પાલનપુર તથા પ્રાશ્નિકશ્રી ડૉ. કેશરીસિંહ પરમાર આચાર્યશ્રી સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ વડાલીએ તૈયાર કરી મોકલી આપેલ અંતિમ આન્સર કી ને આધારે ફરી મૂલ્યાંકન કરી અંતિમ પરિણામ માર્કશીટ તૈયાર કરી અને અંતિમ મેરીટ યાદી (પસંદગી યાદી) તૈયાર કરવામાં આવી હતી, જે આદર્શ આચારસંહિતા પૂર્ણ થયે www.nootanbharati.com વેબસાઈટ પર મૂકવામાં આવી.

તે અન્વયે મેરીટ યાદી પરના પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થયેલ શ્રી વંડરા રાહુલ સંજયભાઈએ ઈ-મેઈલથી મોકલેલ પત્રથી ભરતી સમક્ષ ઉપસ્થિત થવા અસંમતિ દર્શાવી અને પોતાનો હક જતો કરવા જણાવ્યું હતુ. તા.૩/૫/૨૦૨૬ ના રોજ મળેલ ભરતી સમિતિની બેઠકમાં આ પત્ર અન્વયે સરકારી પ્રતિનિધિશ્રી પ્રિ. ડૉ. જગદીશભાઈ એચ. પ્રજાપતિએ ભરતી સમિતિની ઉપસ્થિતિમાં તેમના ઈ-મેઈલ પત્ર સંદર્ભે સ્પીકર ફોન કરી ખરાઈ કરી.

આ ટેલીફોનિક વાતચીતમાં શ્રી વંડરા રાહુલ સંજયભાઈએ પોતે અંગત કારણોસર પોતાનો હક જતો કરવા માંગે છે તે વાતનો પુનઃઉચ્ચાર કર્યો અને સ્પીડ પોસ્ટથી પત્ર મોકલી આપવા ખાતરી આપી. તેથી પસંદગી સમિતિના તમામ સભ્યોએ સર્વાનુમતે ઠરાવ્યું કે પસંદગી યાદી પરના પ્રતિક્ષા યાદીમાં રહેલ ઉમેદવાર શ્રી વણકર ધર્મેશકુમાર જશંવતભાઈને પ્રથમ ક્રમે ઉત્તિર્ણ કરવા અને પસંદગી યાદી પરના તૃતીય મેરીટ ક્રમે ઉત્તિર્ણ થયેલ ઉમેદવાર શ્રી પ્રજાપતિ સંગીતાબેન ખીમજીભાઈને પ્રતિક્ષા યાદીમાં રાખવા અને તે મુજબ અંતિમ પરિણામ તૈયાર કરી પ્રથમ ક્રમે શ્રી વણકર ધર્મેશકુમાર જશંવતભાઈને સદર હિસાબનીશની જગ્યા માટે લાયક ગણી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગાંધીનગર ખાતે બહાલી માટે મોકલી આપવા ઠરાવ્યું.

સ્થળ: નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ, મડાણા-ગઢ

તારીખ:-૦૩/૦૫/૨૦૨૬

ભરતી સમિતિના સભ્યોની સહી:-

૧. ડૉ. કનુભાઈ રા. વહોરા -
૨. ડૉ. પ્રભાતભાઈ વી. દેસાઈ -
૩. પ્રિ. શ્રી ડૉ. જગદીશભાઈ એચ. પ્રજાપતિ - ૩/૫/૨૬
૪. ડૉ. સંતોષકુમાર ચૌહાણ -
૫. શ્રી કનૈયાલાલ કે.આચાર્ય -
૬. શ્રી ડૉ. કે. કે. પટેલ - ૩/૫/૨૬
૭. શ્રી ડૉ. ધર્મેન્દ્રભાઈ એન ઠાકર - ૩/૫/૨૬

નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ મડાણા-ગઢ

આચાર્ય
નૂતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ
મડાણા-ગઢ

Scanned with OKEN Scanner